દાખલ તારીખઃ– ૨૩–૦૮–૨૦૧૭.
રજીષ્ટર તારીખઃ– ૨૩–૦૮–૨૦૧૭.
ફેંસલ તારીખઃ– ૧૬–૦૨–૨૦૧૮.
સમય ગાળો :– વર્ષ–માસ–દિવસ
૦૦–૦૫–૨૩

**સુરેન્દ્રનગર જીલ્લાના મહે. પાંચમાં એડીશનલ ડીસ્ટ્રીકટ જજ (એચ.એમ.પવાર) સાહેબની કોર્ટમાં, મુ. સુરેન્દ્રનગર.**

**<u>રેગ્યુલર દિવાની કેસ નં. ૧૭૭/૨૦૧૭.</u>**
આંકઃ–૨૧.

પશ્ચિમ ગુજરાત વીજ કંપની લી. રાજકોટ,
ઠે. નવા મૌવા રોડ, સબ ડીવીઝન ઓફીસ,
મુળી. જી. સુરેન્દ્રનગર. ........................................વાદી.

વિરૂધ્ધ

રાજાભાઈ માલાભાઈ ઘીયડ,
રહે.કુંતલપુર, તા.મુળી, જી.સુરેન્દ્રનગર. ....................................પ્રતિવાદી.

**બાબતઃ– દાવો રૂા. ૨૧૩૪૨–૩૦ પૈસા વસુલ મેળવવા અંગે.**

.......................................................................................................................
વાદી તરફે વિ.વકીલશ્રી એસ.એચ.પરમાર.
પ્રતિવાદી તરફે –
.......................................................................................................................

**<u>ઠ રા વ</u>**

૧) આ કામે વાદીના દાવાની ટુંકમાં હકિકત એવી છે કે, આ કામના વાદીની મુખ્ય ઓફીસ રાજકોટ મુકામે આવેલ છે અને વાદી કંપનીની રુરલ સબ ડીવીઝન ઓફીસ મુળી ખાતે આવેલ છે અને તે વિજળી પુરવઠો પુરો પાડવાની કામગીરી કરે છે. આ કામના વાદી કંપનીના અધિકારીઓ આ કામના પ્રતિવાદીના મુળી તાલુકાના કુંતલપુર ગામે આવેલ રહેણાંકના મકાનમા ચેકીંગ માટે ગયેલ હતા અને આ કામના પ્રતિવાદી, વાદી વિજ કંપનીના ગ્રાહક ન હોવા છતાં પ્રતિવાદીએ પોતાના રહેણાંકના મકાનમા વાદી કંપનીની હળવા દબાણની વિજ લાઈનમાંથી ગેરકાયદેસર બિન અધિકૃત રીતે સર્વિસ વાયર જોડી એલ.ટી. લાઈનમાંથી સીધુ જોડાણ લંગર નાખી પોતાના મકાનમા વિજચોરી કરતા માલુમ પડેલા, જેથી

ચેકીંગ અધિકારીએ સ્થળ ઉપર ચેકીંગશીટ તૈયાર કરેલ અને સ્થળ ઉપરથી પીળા કલરનો વાયર કબજે કરેલ. તેમજ આ કામના પ્રતિવાદી સ્થળ ઉપર હાજર હોવા છતાં ચેકીંગ શીટમાં સહી કરવાનું કહેતા તેઓએ સહી કરવાની ના પાડતા સ્થળ ઉપર રોજકામ કરેલ છે. બાદ આ કામના પ્રતિવાદી ને વિજચોરીના રૂા.૨૦૩૨૬–૦૦ પૈસા તથા ડી.પી.સી.ચાર્જના રૂા.૧૦૧૬–૩૦પૈસા મળી કુલ્લે રૂપીયા ૨૧૩૪૨–૩૦ પૈસાનુ બીલ આપવામા આવેલ. સદરહુ બિલની રકમ પ્રતિવાદીને ભરપાઈ કરી જવા જાણ કરેલ તેમ છતાં આ કામના પ્રતિવાદીએ વાદી કંપનીને બિલની રકમ વસુલ આપેલ નથી. આમ વાદીએ આ કામના પ્રતિવાદીને રકમ વસુલ આપી જવા માટે નોટિસ આપેલ તેમ છતાં બિલની રકમ વસુલ આપેલ નથી. જેથી વાદીએ પ્રતિવાદી પાસેથી રૂા.૨૧૩૪૨–૩૦ પૈસાનો દાવો વાદી બોર્ડના નિયમ મુજબ ૧૮% ના ચઢતા વ્યાજ સહીત પ્રતિવાદીની હરેક પ્રકારની જાત તથા મિલ્કતથી વસુલ કરી શકાય તેવુ વાદી કંપનીના લાભમાં અને પ્રતિવાદી સામે હુકમનામુ કરી આપવા વાદીએ હાલનો દાવો કરેલ છે.

૨) આ કામના પ્રતિવાદીને નોટિસ કરવામા આવેલ, જે નોટિસ આ કામના પ્રતિવાદીને ધોરણસર બજવા છતાં પ્રતિવાદી જાતે અગર વકીલશ્રી મારફત કોર્ટ સમક્ષ હાજર રહેલ નથી કે વાદીના દાવાનો કોઈ જવાબ રજુ રાખેલ નથી. પરીણામે આ કામના પ્રતિવાદી સામે કામ એકતરફી ચલાવવાનો હુકમ કરવામા આવેલ છે.

૩) પ્રસ્તુત કામમાં વાદી તરફે નીચે જણાવ્યા મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ રાખવામા આવેલ છે.

**<u>મૌખિક પુરાવોઃ–</u>**

| | | |
|---|---|---|
| ૧. | સાહેદ ઈમ્તીયાજ વાય. શેખ, નાયબ ઈજનેરશ્રીનું પુરાવાનુ સોગંદનામું. | આંક–૮. |

**<u>દસ્તાવેજી પુરાવાઃ–</u>**

| | | |
|---|---|---|
| ૧. | તપાસણી અહેવાલ. | આંક–૧૦. |
| ૨. | સ્થળ ઉપરના રોજકામની નકલ. | આંક–૧૧. |
| ૩. | કલમ ૧૩૫ અન્વયે બીલ મોકલતો પત્ર. | આંક–૧૨. |
| ૪. | કલમ ૧૩૫ મુજબ વીજ ચોરીનું બીલ. | આંક–૧૩. |
| ૫. | પ્રતિવાદી સામે ભાવનગર પો.સ્ટે.માં આપેલ લેખિત ફરીયાદ. | આંક–૧૪. |
| ૬. | એફ.આઈ.આર.ની નકલ. | આંક–૧૫. |
| ૭. | ડી.પી.સી. કેલ્કયુલેશન શીટ. | આંક–૧૬. |
| ૮. | પ્રતિવાદીને આપેલ લીગલ નોટીસ. | આંક–૧૭. |
| ૯. | એનેક્ષચર–૪ ની નકલ. | આંક–૧૮. |
| ૧૦. | સરનામુ દર્શાવતુ સાઈટ વેરીફીકેશન. | આંક–૧૯. |

૪) આ કામમાં દાવાના આખરી નિર્ણય માટે આંક–૦૭ થી નીચે મુજબના મુદ્દાઓ મુકરર કરેલ છે.

(1) Whether the Plainitif proves that, the plaintiff is entitled to get the suit amount. ?

(2) Whether the Plaintiff is entitled to get the interest. ? If yes, at what rate of interest ?

(3) Whether the plaintiff is entitled to get the relief as prayed for. ?

(4) What order. ?

૫) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) અંશતઃ હકારાત્મક.

(૨) અંશતઃ હકારાત્મક.

(૩) અંશતઃ હકારાત્મક.

(૪) આખરી હુકમ મુજબ.

**કા ર ણો**

૬) **મુદ્દા નંબર. ૧ થી ૩ :–**

ઉપરોકત ત્રણેય મુદ્દાઓ પરસ્પર એકબીજા સાથે સંલગ્ન હોય, હકિકતો તેમજ ચર્ચાનુ પુનરાવર્તન વારંવાર ન થાય તે હેતુથી ઉપરોકત ત્રણેય મુદ્દાઓની ચર્ચા એકીસાથે કરવામાં આવે છે.

૭) આ કામમાં વાદી તરફે સાહેદ ઈમ્તીયાઝ વાય.શેખ, નાયબ ઈજનેરશ્રીનું સરતપાસના પુરાવાનુ સોગંદનામું આંક–૦૮ થી રજુ રાખેલ છે. જેમા સાહેદે આંક–૦૧ની દાવા અરજીમા જણાવેલ તમામ હકિકતો મુજબની હકિકતો જણાવેલ છે. સાહેદે પોતાના પુરાવામા ઉપરોકત પેરા–૩ માં જણાવ્યા મુજબના દસ્તાવેજી પુરાવા અનુક્રમે આંક–૧૦ થી આંક–૧૯ સુધીના રજુ રાખેલ છે. આમ વાદી તરફે તપાસેલ સાહેદે પોતાના પુરાવામા દાવાને સંપૂર્ણપણે સમર્થનરુપ પુરાવો રજુ રાખેલ છે. વાદી સાહેદ ના સદર મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાને પ્રતિવાદી તરફે જાતે અગર વકીલશ્રી મારફતે પડકારવામાં આવેલ નથી, જેથી વાદી તરફે તપાસેલ સાહેદનો સોગંદ ઉપરનો પુરાવો તથા રજુ થયેલ દસ્તાવેજી પુરાવાને નહી માનવાને કોઈ કારણ જણાતુ નથી.

૮) આમ વાદી તરફે રજુ થયેલ સમગ્ર મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા તેમજ વાદી તરફે રજુ થયેલ વિધ્વાન વકીલશ્રીની રજુઆતને ધ્યાને લેતા વાદી પ્રતિવાદી પાસેથી વિજ ચોરીની રકમ

મેળવવા હકકદાર બને છે. આ કામમા વાદી તરફે વિજ ચોરીની રકમ તથા ડી.પી.સી.ચાર્જની રકમ મેળવવા અરજ કરેલ છે. પરંતુ વાદી આ કામના પ્રતિવાદી પાસેથી ડી. પી. સી. ચાર્જની રકમ વસુલ મેળ વવા હકકદાર બનતા નથી. જેથી ડી.પી.સી.ચાર્જની રકમ રૂા. ૧૦૧૬–૩૦ પૈસા બાદ કરતા વાદીના પ્રતિવાદી પાસે વિજચોરીની રકમ રુપિયા ૨૦૩૨૬–૦૦ પૈસા બાકી લ્હેણા હોવાનુ ઠરાવવામાં આવે છે. પ્રસ્તુત કામમા વાદી કંપનીએ પ્રતિવાદી પાસેથી પોતાની લ્હેણી નીકળતી રકમ ઉપર ૧૮%ના વ્યાજની માંગણી કરેલ છે. પરંતુ સી. પી. સી. કલમ ૩૪ વંચાણે લેતા વાદી કંપની કોર્મશીયલ પ્રવૃતિ કરતી હોય, વાદી કંપનીને બેન્ક રેઈટ કરતા વધુ વ્યાજ આપી શકાય નહી. પરીણામે વાદી કંપનીને પ્રતિવાદી પાસેની લ્હેણી રકમ ઉપર ૬% વ્યાજ અપાવવુ યોગ્ય, વ્યાજબી અને ન્યાયોચિત જણાય છે. આમ ઉપરોકત ચર્ચા ના અંતે મુદ્દા નં. ૧ થી ૩ નો જવાબ તે મુજબ અંશતઃ હકારાત્મક ઠરાવી મુદ્દા નં.૪ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામા આવે છે.

**<u>હુ ક મ</u>**

(૧) વાદીનો દાવો અંશતઃ ખર્ચ સહિત મંજૂર કરવામાં આવે છે.

(૨) આ કામના પ્રતિવાદીએ વાદી કંપનીને પોતાની બાકી લ્હેણી નીકળતી રકમ રૂા. ૨૦૩૨૬–૦૦ પૈસા અંકે રુપિયા વીસ હજાર ત્રણસો છવ્વીસ પુરા દાવા તારીખથી રકમ વસુલ થાય ત્યાં સુધી વાર્ષિક ૬% ના વ્યાજ સહીત ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) દાવાનુ ખર્ચ પ્રતિવાદીએ ભોગવવુ.

(૪) હુકમ મુજબ હુકમનામુ દોરવુ.

આજ તા.૧૬ માહે ફેબ્રુઆરી સને ૨૦૧૮ ના રોજ હુકમ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**(પવાર હેતલ મનોહરરાવ)**
**પાંચમાં એડીશ્નલ ડીસ્ટ્રીકટ જજ,**
**સુરેન્દ્રનગર.**
**Code No. GJ-00673**